# તેજ ગુજરાત

અમદાવાદ • તા. ૧૪ મે - ૨૦ મે, ૨૦૧૨ • વિક્રમ સંવત : ૨૦૬૮ • સાપ્તાહિક • વર્ષ : ૧ • અંક : ૮ • કુલ પાનાં ૨૪ • કિંમત : રૂા.૫.૦૦



Vadilal

## બજારો ઉડતી નજરે

| Segment | Opening | Closing | Next Week Range |
|---|---|---|---|
| Current week | | | |
| MCX Gold | 29167 | 28365 | 28000 - 28680 |
| MCX Silver | 56511 | 54130 | 53000 - 55600 |
| Metal (MCX) | | | |
| Copper | 439.7 | 432 | 424 - 440 |
| Nickel | 949.4 | 920.1 | 906 - 938 |
| Zinc | 106.65 | 103.95 | 102.80 - 105.80 |
| Lead | 112.3 | 110.45 | 109.30 - 112.50 |
| Aluminium | 109.65 | 108.5 | 106.8 - 109.8 |
| Crude Oil | 5256 | 5146 | 5080 - 5200 |
| Currency | | | |
| USD/INR | 53.68 | 53.63 | 52.80 - 54.00 |
| EURO | 69.67 | 69.36 | 68.50 - 70.20 |
| GBP | 86.49 | 86.38 | 85.40 - 86.80 |
| YEN | 67.20 | 67.04 | 66.20 - 68.95 |
| AUD | 54.40 | 53.85 | 53.20 - 54.30 |
| CAD | 53.78 | 53.36 | 52.80 - 54.00 |
| CHF | 58.00 | 57.74 | 57.00 - 58.20 |

VADILALFOREX AND CONSULTANCY SERVICES LIMITED

Ph. - 079 30153388 Mob No. - 9925233894 & 9824033824


### Box Office Collection (Rs. in Cr.)

| | |
|---|---|
| Jannat 2 | 16.48 |
| Tezz | 10.8 |
| Hate Story | 27.17 |
| Vicky Donor | 36.7 |
| Bittoo Boss | 3.38 |
| Housefull 2 | 51.85 |
| Blood Money | 6.53 |





**સોલાર પાવરને કોમનમેન સુધી પહોંચાડવો અમારું પહેલું લક્ષ્ય**

ડો. ટી. હરિનારાયણ, ડિરેક્ટર જર્મા


ગેસ્ટ કોલમ : જુઓ પાનું-૫


**માળી મટીને માલિકની જેમ વર્તનાર દિલીપ ચૌહાણની અ.મ્યુ.કો.એ બદલી કરી**

# સ્ટેડિયમના ગ્રાઉન્ડ્સમેનની દાદાગીરીથી પ્લેયર્સ પરેશાન

આર્થિક ગેરરીતિઓ, યુવાન ક્રિકેટરો સાથેની ગેરવર્તણૂક અને સ્ટેડિયમ પરના જિમખાનાને દૂર કરીને તેમાં પોતાને રહેવા આપેલી જગ્યાને એક્સટેન્ડ કરી દેવાની ફરિયાદો પછી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ગત જાન્યુઆરીમાં ગ્રાઉન્ડ્સમેન દિલીપ ચૌહાણની બદલી કરી દીધી છે. જોકે દિલીપસિંહ ચૌહાણ અ.મ્યુ.કો.માંના પોતાના સંપર્કોને કારણે મુસ્તાક હોવાથી પોતાની બદલી રિવર્ટ કરાવીને જ જંપવાના ઇરાદા સાથે મેમ્કો ખાતેના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ્સમેન તરીકેનો ચાર્જ લીધો નથી. નવો ચાર્જ ન લઈને દિલીપ ચૌહાણ નવા નિયુક્ત થયેલા સર્વે બૉય હર્ષદ નાયકના કામકાજમાં ખલેલ પહોંચાડવાની કામગીરી કરી રહ્યા હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે.

**વિજિલન્સનો અહેવાલ દબાવી રખાયો છે**

ગ્રાઉન્ડસમૅને દિલીપ ચૌહાણ સામે ઢગલાબંધ આક્ષેપો થયા છે. તેના સંદર્ભમાં વિજિલન્સ ઑફિસરના માધ્યમથી તપાસ પણ કરી લેવામાં આવી છે, પરંતુ હજી વિજિલન્સ ઑફિસરનો અહેવાલ ડેપ્યુટી કમિશનરના લેવલે દબાયેલો પડ્યોં છે. પરિણામે અ.મ્યુ.કો.ના કમિશનરની ઇચ્છા છતાંય તેની સામે વધુ પગલાં લઈ શકાતાં નથી. એક વિકેટના પૈસા ભરાવીને ત્રણ વિકેટ ઉપયોગમાં લેવા દઈને મોટી રકમનો ભ્રષ્ટાચાર આદરીને કોર્પોરેશનને ભારે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. છેલ્લાં સાત વર્ષથી આ રીતે કૌભાંડ આચરીને અંદાજે કોર્પોરેશનને રૂા. ૧૦ લાખથી વધુનું નુકસાન પહોંચાડ્યું છે. તેમાંથી કેટલી રકમની કટકી થઈ તે માટે વિજિલન્સ ઑફિસરનો અહેવાલ જાહેર થાય ત્યારે સ્પષ્ટ થશે. અત્યારે આ અહેવાલ ડેપ્યુટી કમિશનરના લેવલે પડ્યો છે.

**બે વિકેટો પણ તોડાવી દીધી**

સ્ટેડિયમમાં બનાવવામાં આવેલી સિમેન્ટની બે વિકેટો પણ તેણે તોડાવડાવી નાખી હતી. સ્પોર્ટ્સ ક્લબની કેન્ટીનનો બેફામ દુરુપયોગ દિલીપસિંહ કરતાં હોવાનું પણ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. ૨૦૧૧ની આઈપીસીએલ ટી-૨૦ ટુર્નામેન્ટ દરમિયાન ટુર્નામેન્ટના કમિશનર પીયૂષ રાણા પાસે રૂા. ૨૫,૦૦૦ લઈને ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ શહેરના મેયર અસિત વોરાને આપવામાં આવેલી ફરિયાદમાં કરવામાં આવ્યો છે. દર રવિવારે સ્ટેડિયમમાં માનીતી ટીમોને ગેરકાયદે મેચ રમાડીને દારૂ અને બિરિયાનીની પાર્ટી કરતા


(અનુસંધાન પાન ૪ પર)




દિલીપ ચૌહાણ સામેની વિજિલન્સ કમિટીની તપાસનો અહેવાલ ડેપ્યુટી કમિશનરની ઓફિસમાં લાંબા સમયથી કેમ અટવાયેલો પડ્યો છે

## તાપમાન

| તાપમાન સેન્ટીગ્રેડમાં ભેજ ટકામાં | ૧૩-૫-૧૨/રવિવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૪-૫-૧૨/સોમવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૫-૫-૧૨/મંગળવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૬-૫-૧૨/બુધવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૭-૫-૧૨/ગુરુવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૮-૫-૧૨/શુક્રવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ | ૧૯-૫-૧૨/શનિવાર મહત્તમ/લઘુત્તમ/ભેજ |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૪૦/૨૬/૬૮ | ૪૧/૨૭/૭૪ | ૪૧/૨૭/૭૩ | ૪૨/૨૭/૫૧ | ૪૨/૨૬/૫૮ | ૪૨/૨૬/૭૮ | ૪૧/૧૯/૭૩ |
| વડોદરા | ૩૮/૨૫/૮૨ | ૩૯/૨૪/૮૧ | ૩૯/૨૪/૭૮ | ૩૯/૨૫/૭૬ | ૩૯/૨૫/૮૨ | ૩૮/૨૫/૮૨ | ૩૮/૨૫/૮૩ |
| રાજકોટ | ૩૯/૨૫/૭૫ | ૪૦/૨૫/૭૯ | ૩૯/૨૫/૭૭ | ૪૦/૨૪/૮૪ | ૪૦/૨૪/૭૬ | ૪૦/૨૫/૯૨ | ૪૦/૨૫/૯૦ |
| સુરત | ૩૩/૨૬/૮૬ | ૩૫/૨૬/૮૬ | ૩૬/૨૭/૮૯ | ૩૫/૨૭/૮૬ | ૩૪/૨૬/૮૫ | ૩૪/૨૬/૯૦ | ૩૪/૨૭/૯૬ |
| જામનગર | ૩૭/૨૬/૭૫ | ૩૬/૨૬/૭૭ | ૩૫/૨૭/૭૮ | ૩૬/૨૫/૮૨ | ૩૬/૨૬/૮૨ | ૩૬/૨૬/૭૯ | ૩૭/૨૬/૭૯ |
| ભાવનગર | ૩૯/૨૫/૬૯ | ૩૯/૨૬/૬૬ | ૪૧/૨૮/૬૧ | ૪૧/૨૭/૬૦ | ૪૦/૨૭/૫૮ | ૪૦/૨૭/૭૦ | ૪૧/૨૭/૬૮ |
| જૂનાગઢ | ૩૭/૨૪/૭૮ | ૩૮/૨૪/૮૩ | ૩૮/૨૪/૮૪ | ૩૮/૨૪/૯૦ | ૩૮/૨૪/૮૪ | ૩૮/૨૫/૮૮ | ૩૮/૨૫/૮૮ |

# સોલાર પાવરને કોમનમેન સુધી પહોંચાડવો અમારું પહેલું લક્ષ્ય

- **પાંચ વર્ષમાં કોલસા-ગેસથી તૈયાર થતી વીજળી જેટલા ભાવે સોલાર પાવર મળશે : સમય જતાં સોલાર પેનલ નાખવી એ એક ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટી બનશે**
- **રેગ્યુલર બંગલાઓ પર બેથી પાંચ કિલોવોટ પાવર જનરેટ કરતી સોલાર પેનલ મૂકી શકાશે. તેનો ખર્ચ પણ પરવડે તે લિમિટમાં આવી જશે.**



ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ- (જર્મી) પર્યાવરણ, ગ્લોબલ વોર્મિંગ, સોલાર પાવરથી માંડીને ઓઇલ એક્સ્પ્લોરેશનના ક્ષેત્રમાં વ્યાપક સંશોધનની કામગીરી કરી રહી છે. 'તેજ ગુજરાતે' સંસ્થાના ડિરેક્ટર ટી. હરિનારાયણ સાથે ખાસ વાતચીત કરી હતી.

પખવાડિયા પૂર્વે જ ગાંધીનગરને સોલાર સિટી બનાવવાની દિશામાં પહેલ કરવામાં આવી છે. ફોટોવોલ્ટેઈગ રૂફટોપ સોલાર પેનલ સરકારી અને ખાનગી મકાનો પર ગોઠવીને ૨.૫ મૅગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. અમે સોલાર પાવરના વિભાગનો ચાર્જ તેજતર્રાર અને ઉત્સાહથી થનગનતા ડૉ. ઓમકારને સોંપ્યો છે. આજે ગુજરાતમાં ૬૦૫ મૅગાવોટ સોલાર પાવર જનરેટ કરવા સોલાર પેનલો ગોઠવી દેવાઈ છે. રાજસ્થાનમાં તડકો સારો છે, છતાં ગુજરાતમાં સોલાર પાવર જનરેટ કરવાનો સ્કોપ તેનાથી વધુ સારો છે, કારણ કે રાજસ્થાન કરતાં ગુજરાત પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધુ સારું છે.

સોલાર પાવરને કોમન મેન સુધી પહોંચાડવો અમારું પહેલું લક્ષ્ય છે. ગાંધીનગરમાં આ જ હેતુથી ૨૦૦ મકાનોના ધાબે સોલાર પેનલો ગોઠવવામાં આવી છે. સોલાર પાવરની ટેક્નોલોજીને ભાવનગર, રાજકોટ, સુરત, મહેસાણા, વડોદરામાં લઈ જવાશે. ત્યારબાદ સમગ્ર રાજ્યમાં તેનો અમલ કરાશે. પાંચ વર્ષમાં જ સોલાર પાવર અન્ય વીજળી જેટલા જ ભાવે મળતો થઈ જશે. સોલાર પાવરની કોસ્ટ જ મોટી વાત છે. સોલાર પાવરનો આરંભ કરવામાં આવ્યો ત્યારે મૅગાવોટ દીઠ રૂા. ૧૫થી ૧૭ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ જોઈતું હતું. આજે તે ઈન્વેસ્ટમેન્ટ ઘટીને રૂા. ૮થી ૯ કરોડ થઈ ગયું છે. આ માટે અમે સાયન્ટિફિક સ્ટડી કરી રહ્યા છીએ. ૨૦૧૭ સુધીમાં અન્ય પાવરની પેરેટીમાં સોલાર પાવર આવી જશે. પરિણામે રેગ્યુલર બંગલાઓ પર બેથી પાંચ કિલોવોટ પાવર જનરેટ કરતી સોલાર પેનલ મૂકી શકાશે. અત્યારે એક કિલોવોટની પૅનલ માટેનો ખર્ચ રૂા. ૧.૨૦ લાખ જેટલો આવી રહ્યો છે, જે સમય જતાં તે ઘટશે. તેમાંથી ઘર માટે વીજળી પણ મળશે અને વધારાની વીજળી વેચીને આવક પણ કરી શકાશે.

સમય જતાં સોલાર પેનલ નાખવી એ એક ઈન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટી બની જશે. યુનિટદીઠ વીજળીના રૂા. ૫થી ૭ મેળવી કમાણી પણ કરી શકાશે. આ માટે સંશોધનો ચાલી રહ્યાં છે. સોલાર પેનલની એફિશિયન્સી વધારવા માટેનાં સંશોધનો પણ જર્મીમાં થઈ રહ્યાં છે. જર્મીની જ પીએચ.ડી.ની વિદ્યાર્થિની પ્રમીલા મહાલા આજે કેનેડામાં જઈને ગેફિન નામનું ગ્રેફાઈટનું સિંગલ લેયર ડેવલપ કરી રહ્યાં છે. મોટા વિસ્તારમાં ગ્રેફિનનું લેયર બિછાવી દેવામાં આવે તો સોલાર પેનલ અને એલઈડીની ઈલેક્ટ્રોનિક સિસ્ટમની કાર્યક્ષમતામાં મોટું પરિવર્તન આવી જશે. તેનાથી સોલાર પેનલની એફિશિયન્સીમાં ૫૦ ટકાનો વધારો થઈ જશે અને સોલાર પાવરની કોસ્ટ ઘણી જ નીચે લાવી શકાશે. કેનેડિયન કોમનવેલ્થ સ્કોલરશિપ હેઠળ આ વિદ્યાર્થિની ત્યાં કામ કરી રહી છે. સસ્કેચવન યુનિવર્સિટી સાથે આ માટે ટાઈઅપ પણ કરેલું છે. બીજો એક વિદ્યાર્થી ઈન્ડિયમ ગેલિયમ નાઈટ્રાઈડ સોલાર સેલ પર રિસર્ચ કરે છે. અત્યારે સેલ ૧૬થી ૧૭ ટકા એફિશિયન્સીથી કામ કરે છે. તેનું પોટેન્શિયલ ૫૦ ટકાથી વધુ એફિશિયન્સી સુધી લઈ જવાનું છે.

કન્સલ્ટિંગનું કામ કરતી જર્મી પ્રોફેશનલ અને વૉકેશનલ ટ્રેનિંગ પણ આપે છે. ઘણી ઈન્ડસ્ટ્રી સોલાર પાવરમાં કન્વર્ટ થવા માગે છે. તેમને માટે પ્રોફેશનલ્સને તાલીમ આપી રહ્યા છીએ. તેવી જ રીતે વોકેશનલ ટ્રેનિંગનો વ્યાપ વધારવા માટે આઈટીઆઈના ૩૬ ટીચર્સને પણ તાલીમ આપી જ છે. આઈટીઆઈના ૧૨૦ વિદ્યાર્થીઓને સોલાર પેનલના નેટવર્કના મેઈન્ટેનન્સ સહિતની કામગીરી શીખવાડીને તૈયાર કરી દેવાય છે. તેમને પ્રેક્ટિકલ તાલીમ આપીને તૈયાર કર્યા છે. હવે તેમના પ્લેસમેન્ટની તૈયારી ચાલી રહી છે. તેમને સોલાર પાર્કમાં જ પ્લેસમેન્ટ મળી રહે તે માટેના પ્રયાસો ચાલુ છે. આ તાલીમ તેમને નોર્મલ કરતાં ૫૦થી ૭૫ ટકા વધુ આવક કરાવશે તેવી આશા છે. તાલીમ માટે છ અલગ અલગ લેબોરેટરી પણ વિકસાવવામાં આવી છે. ઈન્ડસ્ટ્રી સાથેના ઈન્ટરેક્શનની મદદથી અલગ અલગ સિલેબસ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ઓઈલ એક્સ્પ્લોરેશન વિભાગમાં અમારા વડા ડૉ. ઝહીર હસન છે. ભારતની ૧૨૫ બિલિયન ટન ઓઈલની રિક્વાયરમેન્ટ છે. તેની સામે સ્થાનિક ઉત્પાદન માત્ર ૩૨ બિલિયન ટન જ છે. ખંભાતના વિસ્તારમાં કદડા જેવું ઓઈલ છે, તેને બહાર લાવવામાં તકલીફ પડી રહી છે. ઓઈલની રિકવરી માત્ર ૨૦થી ૨૫ ટકાની જ છે. બાલોલ ઓઈલ ફિલ્ડમાં આ પ્રોબ્લેમ વધુ છે. આ ઓઈલવેલમાં કાર્બન ડાયોક્સાઈડ ઉતારીને ઓઈલની રિકવરીને વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તેમજ ઓઈલ બર્ન કરીને તેને ખેંચવાની ટેક્નોલોજી પણ કેટલી સફળતા અપાવે છે તેનો તાગ મેળવવામાં આવી રહ્યો છે. ઓઈલના આર્ટિફિશિયલ ઈગ્નિશનની આ ટેક્નોલોજીમાં જનરેટ થતાં અન્ય ગેસ ઓઈલને ઉપરની તરફ ધકેલે છે. ત્રીજું પાણી અંદર ધકેલીને તેના ફોર્સથી ઓઈલને બહાર લાવવાની કવાયત કરવામાં આવી રહી છે. ઓઈલની કરવી પડતી જંગી આયાત ઘટાડી શકાય તે માટેના પ્રયાસો ચાલુ છે.

ભારતમાં કે.જી. બેસિન સહિતના વિસ્તારોમાંથી મળી રહેલા ઓઈલ અને ગેસ મહત્તમ પ્રમાણમાં બહાર લાવી શકાય તે માટેનાં સંશોધનો જર્મીમાં કરવામાં આવી રહ્યાં છે. અત્યારે ઓઈલ અને ગેસનો મહત્તમ રિકવરી રેટ ૨૦થી ૪૦ ટકાનો જ છે. તે માટે જીએસપીસી સિન્ટેફ પેટ્રોલિયમ-નોર્વે સાથે ટાઈઅપ કર્યું છે. એન્હાન્સ ઓઈલ રિકવરી માટેના કાર્યક્રમનો ૨૦૧૩થી અમલ શરૂ કરાશે. ૨૦૧૬ સુધી આ પ્રોજેક્ટ ચાલશે. આ માટે ભૂગર્ભના પેટાળના ખડકોના સેમ્પલો કલેક્ટ કરી લેવાયા છે. તેનું વિશ્લેષણ ચાલી રહ્યું છે. ૨૦૨૫ની સાલ સુધીમાં ઓઈલ અને ગેસની ડિમાન્ડ દસ ગણી વધી જવાની હોવાથી આ કાર્ય અત્યારે કર્યા સિવાય છૂટકો જ નથી. કોલ બૅડ મિથેન પણ એક સેક્ટર છે. તેમાંથી કોલગેસ નીકળે છે. ખડકોને કારણે આ ગેસ બહાર લાવી શકાતો નથી. આ ગેસને શૅલગેસ તરીકે ઓળખવામાં આવે છે. તેને બહાર લાવવા હાઈડ્રો ફ્રેક્ચરિંગના સેગમેન્ટમાં પણ પ્રવેશવાનો ઈરાદો છે. તેને માટે લેબોરેટરી ઊભી કરવાનું પણ આયોજન છે. આજે ભારતમાં તે માટેની લેબોરેટરી નથી.

એન્વાયર્નમેન્ટને લગતી બાબતો ડૉ. ગોપીચંદ્રન જુવે છે. ક્લાયમેટ ચેન્જ અંગે અભ્યાસ કરવા ઉપરાંત પ્લાનિંગ કમિશનને પણ મદદ કરી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સના એન્વાયર્નમેન્ટ અંગેના પ્રોગ્રામને આગળ ધપાવવામાં આવી રહ્યો છે. ગુજરાતના ઈનોવેટિવ ઉદ્યોગોને ક્લીનર પ્રોડક્ટ્સ માટે સજ્જ કરવામાં આવી રહ્યા છે. નરોડા ઔદ્યોગિક વસાહત સહિતની ઔદ્યોગિક વસાહતોએ દૃષ્ટાંતરૂપ કામ કરીને ક્લીનર પ્રોડક્શનના સેક્ટરમાં સારી કામગીરી કરી બતાવી છે. એન્વાયર્નમેન્ટના ક્ષેત્રમાં અમે યુનિટ પ્રોસેસ અને યુનિટ ઓપરેશન્સના સેક્ટરમાં ખાસ કામ કરી રહ્યાં છીએ. યુનિટને એનર્જી એફિશિયન્ટ બનાવી તેના પાવર બિલને નીચે લઈ જવામાં આવી રહ્યા છે. પ્રોડ્યુસ મોર વિથ લેસ એનર્જીના કોન્સેપ્ટને મોરબીના સિરામિક ઉદ્યોગોમાં સક્રિય કર્યો છે.

**સલ્ફોનેશન, એમાઈનેશન અને નાઈટ્રેશનની પ્રોસેસનાં ક્ષેત્રમાં પણ અમે કામ કરી રહ્યા છીએ.** રેફ્રિજરેશનના વેસ્ટ જતા ગેસને કારણે ઓઝોનના લેયરમાં પડી રહેલાં ગાબડાં ન પડે તે માટે અને પોલ્યુટન્ટ ઓછા રિલીઝ થાય તે તેને ડિસ્ટ્રોય કરી દેવાના વિકલ્પનો અમે આશ્રય લઈ રહ્યા છીએ. ભાવનગરના અલંગ શિપબ્રેકિંગ યાર્ડમાં ભંગારમાં મળતા રેફ્રિજરેશન યુનિટમાંનો ગેસ વાતાવરણમાં રિલીઝ ન થાય અને ઓછામાં ઓછી સમસ્યા થાય તે માટે અમે પ્રયાસ કરી રહ્યા છીએ. આ ગેસ કલેક્ટ કરી લેવાની, તેનો નાશ કરવાની તથા તેને બર્ન કરી દેવાની દિશામાં અમે કાર્ય કરી રહ્યા છીએ. કેમિકલ પોલ્યુશનને મૅનેજ કરવાની દિશામાં પણ અમે સક્રિય છીએ. આમ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને હળવી કરવામાં પણ અમે